જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦   ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૪/૨૦૧૫ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-   સમાચાર યાદી નં.૭૫૭/૧૫

### વટવા મર્ડર ના ગુનાના નાસતા ફરતાં આરોપીઓને ક્રાઈમબ્રાન્ચે ઝડપ્યાઃ

અમદાવાદ શહેરમાં ગંભીર પ્રકારના ગુન્હાઓના વોન્ટેડ આરોપીઓને શોધી કાઢવા સારુ પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ખાસ તાકીદ કરેલ હોય જે અન્વયે ખાસ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઈમબ્રાન્ચ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓની સુચના આધારે મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ આજરોજ તા.૧૭/૪/૨૦૧૫ ના રોજ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી જે.એસ.ગેડમ  નાઓની ટીમના પો.સ.ઈ.શ્રી જે.એન.ગોસ્વામી તથા પો.સ.ઈ.શ્રી બી.એચ.કોરોટ નાઓ સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં આવા ગુનાઓ શોધી કાઢવા સારુ પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે સોનીની ચાલી ખાતેથી વટવાપો.સ્ટેના ફ.ગુ.ર.નં.૯૮/૨૦૧૫ ઈ.પી.કો.કલમ ૩૦૨,૩૦૭,૩૨૩,૨૯૪(ખ),૧૧૪,તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુન્હાના વોન્ટેડ આરોપીઓ(૧) સદામહુસેન શોકતહુસેન અંસારી ઉ.વ. ૨૨ રહે. મ.નં. ૧ ગ્રીનપાર્ક-૨ અલીફનગર પાછળ વટવા (૨) અહેમદઅલી ઉર્ફે લલન સ/ઓ સાદીકઅલી શા ઉ.વ. ૨૮ રહે. મ.નં. ૫ બાગેકૌશર સોસાયટી કેનાલ રોડ વટવા (૩) રફીકશા ઉર્ફે શાહરૂખ ઉર્ફે તોતડો સ/ઓ રહીમશા અબ્દાલ ઉ.વ. ૩૩ રહે. મ.નં. ૨૨૨૨ બ્લોક નં. ૭૦ ઔડાના મકાન વટવા અમદાવાદ શહેર (૪) મોહમદ પરવેજ ઉરેફે વકાર સ/ઓ મોહમદ ઈસ્લામ પઠાણ ઉ.વ. ૨૬ રહે આશીયાના પાર્ક બાગેકૌશર સોસાયટી પાસે કેનાલ રોડ વટવા અમદાવાદ શહેરનાઓને પકડી લઈ આરોપીઓ વિરુદ્ધમાં સી.આર.પી.સી. ૪૧(૧)એ મુજબ કાયદેસર કાર્યવાહી કરી આજરોજ અટક કરવામાં આવેલ છે.

સદર પકડાયેલ આરોપીઓની પુછપરછ કરતા ગઈ તા.૧૧/૪/૨૦૧૫ ના રોજ વટવા સરતાજનગર ખાતે ઈરફાન નામના માણસ સાથે ઝગડો થયેલ અને ઈરફાન ને તેઓએ માર મારતા સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરેલ અને સારવાર દરમ્યાન બે દિવસ પહેલા મરણ ગયેલ છે. જે આરોપીઓને વટવા પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવા તજવીજ કરેલ છે.

:- આરોપીઓ નો પુર્વ ઇતીહાસ:-

(૧) આરોપી સદામહુસેન શોકતહુસેન અંસારી નાઓ અગાઉ મારા મારીના બે ગુના તથા લુંટના બે ગુના માં અટક થયેલ છે. (૨) અહેમદઅલી ઉર્ફે લલન સ/ઓ સાદીકઅલી શા નાઓ , હત્યાના પ્રયત્નનો ગુનો તથા બે મારામારીના ગુના તથા બે લુંટના ગુનામાં અટક થયેલ છે.(૩) રફીકશા ઉર્ફે શાહરૂખ ઉર્ફે તોતડો સ/ઓ રહીમશા અબ્દાલ નાઓ નો અગાઉ લુંટ તથા મારા મારીના ગુનામાં અટક થયેલ છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)